# શિવાકાશીમાં ફટાકડાના યુનિટમાં ભીષણ આગ

શિવકાશી, તા.૫

દેશનાં ફટાકડાં બનાવવાનાં હબ ગણાતાં શિવકાશીનાં પરાવિસ્તારમાં આવેલી ફટાકડાંની એક ફેક્ટરીમાં વિનાશકારી આગ ફાટી નીકળતાં ઓછામાં ઓછાં ૬૦ લોકો બળીને ભડથું થઈ જતાં દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો. આ આગની ઘટનામાં અન્ય ૫૦થી વધુ લોકો દાઝી ગયા છે. જે પૈકી મોટાભાગનાં લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે જેથી મોતનો આંકડો હજુપણ વધવાની દહેશત દેખાઈ રહી છે. ઈજાગ્રસ્તોની તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. તમિળનાડુના શિવકાશીના મુથાલીપટ્ટામાં ફટાકડાની ફેક્ટરીમાં આગ ફાટી નીકળી હતી. ફટાકડાની ફેક્ટરીમાં ફાટી નીકળેલી આગ ઝડપથી વિનાશકારી સ્વરૂપમાં આવી જતાં તેમાં કામ કરતાં લોકોને બહાર નીકળવાની તક મળી નહતી. આગની જ્વાળાઓમાં મોટી સંખ્યામાં લપેટાયા હતાં. ફાયરબ્રિગેડ અને પોલીસે બચાવ અને રાહત કામગીરી યુદ્ધનાં ધોરણે હાથ ધરી હતી. આગની સાથે ફટાકડાનાં પ્રચંડ ધડાકા થયા હતાં. ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં ફાયરબ્રિગેડને સફળતા હાથ લાગી હતી. અધિકારીઓએ કહ્યું છે કે, મૃતદેહો જુદી જુદી હોસ્પિટલમાં ખેસડવામાં આવ્યા છે જેમાં સત્તુરમાં ૧૬, વિરુદ્ધનગરમાં ૧૩, શિવકાશીમાં ૨૧ મૃતદેહોની ગણતરી થઈ ચૂકી છે. અન્ય બેનાં મોત મદુરાઈ ખાતે હોસ્પિટલ લઈ જતી વેળા થયા હતાં.



અધિકારીઓએ કહ્યું છે કે, મૃત્યુ પામેલાં તમામ લોકો વર્કરો હતાં. કેટલાંક લોકો અંદર ફસાઈ ગયેલા લોકોને બચાવવા માટે ગયા હતાં, તેઓ પણ માર્યા ગયા છે. આગના ભોગ બનેલાઓની ઓળખવિધિ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ફેન્સી ફટાકડાઓ માટે કેમિકલ મિક્સ કરવામાં વર્કરો બનાવ બન્યો હતો. આ આગનાં કારણે ઓમશક્તિ ફાયરવર્ક્સ ફેક્ટરીનાં પ્રાંગણમાં સ્થિત તમામ ૪૮ શેડ બળીને ખાખ થઈ ગયા હતાં. પોલીસ અને ફાયરનાં અધિકારીઓનું કહેવું છે કે, અધિકારીઓની સલાહની સામે એક ગોડાઉનમાં ફટાકડા સ્ટોર કરવામાં આવ્યા હતાં. ગણતરીની મિનિટોમાં જ કંપનીનાં સંકુલમાં તમામ શેડ બળીને ભડથું થઈ ગયા હતાં. મોતના આંકડાને લઈને જુદા જુદા વિરોધાભાસી અહેવાલ મળી રહ્યા છે. ફાયરનાં અધિકારીનું કહેવું છે કે, ેમોટાભાગના લોકોનાં મોત ધુમાડો અને ગૂંગળામણનાં કારણે થયા હતાં. ફેક્ટરીની અંદર ઘુસવાની બાબત ખૂબ જ મુશ્કેલરૂપ બની હતી. ધુમાડો ઘટના સ્થળથી ૧.૫ કિલોમીટર સુધી જોઈ શકાતો હતો.

દિવાળી આડે થોડો સમય રહ્યો છે ત્યારે ફટાકડા બનાવવાની પ્રક્રિયા અતિઝડપથી ચાલ રહી હતી. ફેક્ટરી અધિકારીનું કહેવું છે કે, બનાવ બન્યો ત્યારે ૩૦૦ લોકો યુનિટમાં કામ કરી રહ્યા હતાં. યુનિટમાં કામ કરતાં સગા-સંબંધીઓનાં ભાવિ અંગે માહિતી મેળવવા મોટી સંખ્યામાં લોકો ફેક્ટરી નજીક પહોંચી ગયા હતાં. ઓક્ટોબર ૨૦૦૯માં તિરૂવેલ્લુર જિલ્લામાં પલ્લીપટ્ટુમાં ફટાકડાના ગોડાઉનમાં આગ ફાટી નીકળી હતી જેમાં ૩૨ લોકોનાં મોત થયા હતાં.

ફટાકડાના યુનિટમાં આ સૌથી વિનાશકારી આગ તરીકે ગણવામાં આવે છે. મોટાભાગના લોકો ૮૦ ટકાથી વધુ દાઝી ગયા હતાં. મુખ્યમંત્રીએ બનાવ અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. અસરગ્રસ્તોને તમામ પ્રકારની મદદ કરવાની ખાતરી આપી છે. વરિષ્ઠ પ્રધાન ઓ.પનીરસાલ્વમ અને અન્ય ચાર સાથીઓ બચાવ કામગીરી પર નજર રાખવા ઘટના સ્થળે પહોંચી ગયા છે. આગને ભારે જહેમત બાદ કલાકોનાં ગાળા બાદ કાબુમાં લેવામાં આવી હતી.

### શિવાકાશીમાં ૯૦ ટકા ફટાકડા તૈયાર થાય છે

શિવકાશી, તા.૫

શિવકાશીને દેશનાં ફટાકડા હબ તરીકે ગણવામાં આવે છે. શિવકાશી ફટાકડા બનાવીને જ મોટાભાગે મહેસૂલ એકત્રિત કરે છે. શિવકાશી ને ફટાકડા ઉદ્યોગનાં પાટનગર તરીકે ગણવામાં આવે છે. અહીં આશરે ૮૦૦૦ જેટલી નાની મોટી ફટાકડા બનાવતી ફેક્ટરીઓ છે. કુલ ફટાકડાનાં ઉત્પાદન પૈકી ૯૦ ટકા ફટાકડાનું ઉત્પાદન અહીં થાય છે. આ ઉપરાંત શિવકાશીમાં કેલેન્ડર પોસ્ટર અને અન્ય પ્રિન્ટીંગ કામગીરી પણ મોટાપાયે ચાલે છે. શિવકાશીમાંથી દિવાળીનાં પર્વ દરમિયાન દેશભરમાં ફટાકડાઓ અને સ્પાર્કલનો જથ્થો પહોંચાડવામાં આવે છે. સ્પોટ્ર્સનાં સાધનો અહીં તૈયાર થાય છે. રમત-ગમતનાં કાર્યક્રમો, ફિલ્મ ફેસ્ટીવલમાં પણ મોટાપાયે ફટાકડાઓ અહીંથી મોકલવામાં આવે છે. આ શહેરમાંથી જ ૭૦ ટકા માચિસ પણ દેશનાં જુદા જુદા ભાગોમાં પહોંચાડવામાં આવે છે. શિવકાશી વર્ષોથી ફટાકડાના મોટા હબ તરીકે ઉભરી આવ્યું છે. શહેરમાં આશરે ૪૦૦ મેન્યુફેક્ચર યુનિટો છે. ફટાકડાની ફેક્ટરીઓ ઉપરાંત અહીં ઘણીબધી પ્રિન્ટીંગ પ્રેસ અને ઈનહાઉસ સ્ટુડિયો આવેલાં છે. અહીં મોટાભાગે કલરફુલ પોસ્ટરો અને કેલેન્ડરો બનાવવામાં આવે છે. ૨૦૦૧માં ભારતીય વસતી ગણતરી મુજબ શિવકાશીની વસતી ૭૨૧૭૦ હતી જેમાં પુરુષોની વસતી ૫૧.૭૬ ટકા અને મહિલાઓની વસતી ૪૮.૨૪ ટકા હતી. શિવકાશીમાં સરેરાશ સાક્ષરતાનો રેટ ૭૭ ટકા છે જે ૭૪.૪ ટકાના રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ છે.

## સમાચાર ઝલક

- મહારાષ્ટ્રમાં ૩૩ લાખનો ગુટખા જપ્ત, પુના, સતારામાં દરોડા.
- ગુજરાત કર્મચારી સંકલન સમિતિ દ્વારા રામધૂન યોજાઇ.
- ઇન્ડોનેશિયા અને પૂર્વ ભારતમાં ભૂકંપના આંચકા.
- ધોનીએ ઘરઆંગણે વધુ ટેસ્ટ રમવાનો વિક્રમ સર્જ્યો.
- સૂરતમાં નવ લાખ રૂપિયા લઇ જતી મહિલાને લૂંટારૂંએ ઝપાઝપી કરી, પરંતુ મહિલા પાસે રકમ ઝૂંટવી ન શકયા.
- નાણાપ્રધાન ચિદંમ્બરમ્‌ને ઓપરેશન માટે ચેન્નાઇનાં હોસ્પિટલમાં દાખલ કરાયા.
- અનામત પ્રથા બઢતીમાં પણ લાગુ કરવા માટેનું બીલ રાજયસભામાં અટવાયું.
- શિરડીનાં પ્રસાદ લાડુમાં મહારતન ઘીમાં ભેળસેળ થતી પકડાઇ.
- ‘એક બિહારી સોને ભારે’ ફિલ્મને શિવસેનાએ અટકાવી, તોડફોડ કરી.
- વડોદરાના પ્રવાસીઓ મધ્યપ્રદેશમાં લૂંટાયા.
- પેશાવરમાં અમેરિકન દૂતાવાસ સામે વાહનમાં હુમલો.
- ઉના તાલુકામાં દુષ્કાળના કારણે ખેડૂતની આત્મહત્યા.
- સૌરાષ્ટ્રમાં અનેક સ્થલોએ મુશળધાર વરસાદ.
- કોલસા કૌભાંડમાં સી.બી.આઇ.નાં દરોડા, ભારે ઘોંસ.
- ઘરકામ માટે પત્નીને હવેથી પતિએ પગાર ચુકવવો પડશે.
- દેશના ૭ મોટા શહેરમાં આતંકવાદી દ્વારા ઘૂસણખોરીનો ગુપ્તચર અહેવલા, અમદાવાદનો સમાવેશ.
- નવી યોજનાઓ નહીં થાય, નાણા પ્રધાનની જાહેરાત.
- સૌરાષ્ટ્ર ઉપર મેઘરાજા ઓળખોળ.
- માલદીવમાં ૧૬ વર્ષની છોકરીને ૧૦૦ કોરડા ફટકારવાની સજા, સજાનો અમલ ૧૮ વર્ષની થશે ત્યારે થશે, પ્રેમપ્રકરણનો અંજામ.

## કારોબારને અંતે સેન્સેક્સ એક મહિનાની નીચી સપાટીએ

મુંબઈ, તા.૫

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ ૧૨૮ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંક અને એલએન્ડટી તથા આરઆઈએલમાં ભારે વેચવાલીનાં પરિણામ સ્વરૂપે સેન્સેક્સ નીચી સપાટીએ પહોંચી ગયો હતો. એક મહિનાની નીચી સપાટીએ સેન્સેક્સ પહોંચી જતા મૂડી રોકાણકારોમાં અફડાતફડી રહી હતી. વૈશ્વિક બજારોમાં પ્રવર્તમાન સ્થિતિની પણ અસર જોવા મળી હતી. આવતીકાલે ગુરૂવારે ઈસીબીની મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્સમાં ૫૬ પોઈન્ટની અફરાતફરી શરૂઆતમાં રહી હતી. મેટલ, કેપિટલ ગુડ્સ અને બેંકિંગ શેરમાં દબાણની સ્થિતિ રહી હતી. આઈસીઆઈસીઆઈ બેંકનાં શેરમાં ૩.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો જ્યારે એલએન્ડટીનાં શેરમાં ૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. આરઆઈએલમાં ૧ ટકાનો ઘટાડો રહ્યો હતો.

કારોબારના અંતે સેન્સેક્સ ૧૭૩૧૩ની સપાટીએ રહ્યો હતો. ૩ ઓગસ્ટ બાદ સેન્સેક્સ સૌથી નીચી સપાટીએ રહ્યો હતો. મેટલના શેરમાં પણ ભારે અફડાતફડી રહી હતી. કેપિટલ ગુડ્સમાં પણ વેચવાલીનું દબાણ રહ્યું હતું. અર્થતંત્રમાં મંદીને લઈને ચિંતા યથાવત રહી છે. આજે સતત ૧૧મા દિવસે પણ સંસદની કામગીરી સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી કારણ કે વડાપ્રધાન મનમોહન સિંહના રાજીનામાની માંગણીને લઈને ભાજપનાં સભ્યો મક્કમ રહ્યા હતાં. બ્રોકરોએ કહ્યું છે કે, એશિયન બજારોમાં નબળો પ્રવાહ જોવા મળ્યો હતો. ૫૦ શેર નેશનલ સ્ટોક એક્સચેંજમાં ૪૮ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૫૨૨૬ રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્ષમાં બીએસઈ મેટલમાં ૨.૬૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈ કેપિટલ ગુડ્સ સેક્ટરમાં ૨.૫૪ ટકાનો ઘટાડો અને બેંકેક્સમાં ૧.૮૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

## ચીની ઘૂસણખોરીનો એક પણ બનાવ બન્યો નથી : એન્ટોની

નવીદિલ્હી,તા.૫

જમ્મુ-કાશ્મીરમાં કોઈપણ ચીની ઘુસણખોરીનાં અહેવાલ મળ્યા નથી પરંતુ વાસ્તવિક અંકુશરેખા ઉપર આવેલાં વિસ્તારો સેનાની સતત ચકાસણી હેઠળ રહે છે. રાજ્યસભામાં આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. સંરક્ષણ પ્રધાન એન્ટોનીએ લેખિત પ્રશ્નનાં જવાબમાં ગૃહમાં કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરની સરકાર તરફથી ચીની ઘુસણખોરીના કોઈપણ અહેવાલ મળ્યાં નથી. એલએસીનાં વિસ્તારો સતત ચકાસણી હેઠળ છે. સેના દ્વારા નિયમિત રીતે પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. જાપાની મેરીટાઈમ સેલ્ફ ડિફેન્સ ફોર્સ સાથે નૌકાસેનાની કવાયત અંગે પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે, જાપાન અને ભારત વચ્ચે પ્રથમ મેરીટાઈમ દ્વિપક્ષીય કવાયદ ૯ જૂનનાં દિવસે યોજવામાં આવી હતી. મે-જુલાઈ ૨૦૧૨ દરમિયાન દક્ષિણ-પૂર્વ એશિયન દેશોમાં ભારતીય નૌકા સેનાના જહાજની તૈનાતી દરમિયાન ભારત અને જાપાન વચ્ચે પ્રથમ દ્વિપક્ષીય કવાયદ યોજવામાં આવી હતી. આનાથી ઓપરેશનલ કુશળથા વિકસાવવામાં નૌકા સેનાને મદદ મળી હતી. આ ઉપરાંત બચાવ કામગીરી અને તપાસ કામગીરીને સુધારવાની તક મળી હતી. જુલાઈમાં લોન્ચ કરવામાં આવેલી બ્રહ્મોસ ક્રુઝ મિસાઈલની નિષ્ફળતા અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, એક સિસ્ટમમાં અયોગ્ય કામગીરીનાં પરિણામ સ્વરૂપે આ તકલીફ ઉભી થઈ હતી. આજ કારણોસર મિશનને નિષ્ફળતા મળી હતી. નિરીક્ષણની કામગીરી કરવામાં આવ્યા બાદ ખામીને સુધારી લેવામાં આવી હતી. વધુ ડેવલ્પમેન્ટ ફ્લાઈટ ટેસ્ટ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. અન્ય તમામ સબસિસ્ટમ અને ઘટકો જરૂરી રીતે કામ કરી રહ્યા છે.

આ સંબંધમાં લેવામાં આવેલાં પગલા અને ડીઆરડીઓમાં નાણાંકીય ખામી અંગે પ્રશ્નોનાં જવાબમાં તેમણે કહ્યું હતું કે, આંતરિક ઑડિટની પ્રક્રિયા ડીઆરડીઓમાં હાથ ધરવામાં આવી હતી.

## કોલસા કાંડ મામલામાં સીબીઆઈ છ વધુ એફઆઈઆર દાખલ કરે તેવી શક્યતા

નવી દિલ્હી, તા.૫

અબજો ડૉલરના કોલસા બ્લોક ફાળવણીના મામલામાં સીબીઆઈ અતિ ઝડપથી આગળ વધી રહી છે. મળેલી માહિતી મુજબ સીબીઆઈ ટૂંક સમયાં જ છ વધુ એફઆઈઆર દાખલ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના સહકારથી તપાસને વધુ વિકૃત બનાવવામાં આવી રહી છે. સીબીઆઈએ ભ્રષ્ટાચાર અટકાયત ધારાની જુદી જુદી કલમો હેઠળ એફઆઈઆર દાખલ કરી છે જેમાં સરકારી અધિકારીઓના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસ દર્શાવે છે કે કેટલાક અધિકારીઓ પણ ફાળવણીની પ્રક્રિયામાં સામેલ હતા. મંગળવારના દિવસે સીબીઆઈની ટીમોએ કોલસા બ્લોક ફાળવણીના મામલામાં તપાસના



ભાગરૂપે દિલ્હી, એનસીઆર, મુંબઈ, પટણા, કોલકાતા, નાગપુર, ધનબાગ, રાચી, હૈદરાબાદ, ભિલાઈ, યાવાતમલ, રાયપુરમાં દરોડા પાડ્યા હતા. કેસ સાથે સંબંધિત મોટી સંખ્યામાં દસ્તાવેજો એકત્રિત કર્યા હતા. આરોપી કંપનીઓના ડિરેક્ટરો સહિત અધિકારીઓની પૂછપરછ પણ કરી હતી. નવભારત પાવર સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે જેમાં તેના મૂળભૂત પ્રમોટરોના નામનો ઉલ્લેખ છે. પાંચમી એફઆઈઆર વિન્રી આયર્ન અને સ્ટીલ ઉદ્યોગ લિમિટેડ સામે છે. ખોટા દાવાઓ કરવા અને ગેરમાર્ગે દોરવાનો તમામ ઉપર આક્ષેપ મૂકવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે સીબીઆઈ આ મામલા પરથી પર્દાફાશ કરવા હવે સક્રિય થઈ ગઈ છે. પાંચ કંપનીઓ સામે અને મોટી સંખ્યામાં વ્યક્તિગતો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે જેમાં કોંગ્રેસ અને ભાજપના નેતાઓ પણ સામેલ છે. આગામી દિવસોમાં વધુ નેતાઓના નામ ખુલે તેવી પણ શક્યતા છે.

## ભારતીય ચોકીઓ ઉપર ફરી પાકના સૈનિકોનો ગોળીબાર

શ્રીનગર, તા.૫

પાકિસ્તાની સૈનિકોએ કોઈ પણ ઉશ્કેરણીવગર ભારતીય અગ્રીમ ચોકીઓ પર ગોળીબાર જારી રાખ્યો છે જેથી સરહદ ઉપર તંગદિલીપૂર્ણ સ્થિતિ રહી છે. ૨૦૦૩ બાદથી સતત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો છે. પાકિસ્તાની સૈનિકોએ ૨૦૦૩ બાદથી ખીણમાં પ્રથમ વખત યુદ્ધ વિરામનો ભંગ કરીને બારામુલ્લા જિલ્લામાં કમલકોટ ખાતે ગોળીબાર કર્યો છે. પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા ગોળીબારના કારણે ભારતીય જવાનો સાવધાન થઈ ગયા હતા. આતંકવાદીઓને ભારતીય ક્ષેત્રમાં ઘૂસાડવાના હેતુસર વારંવાર ગોળીબાર જારી રાખ્યો છે. નવેમ્બર ૨૦૦૩માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની સમજૂતી થઈ હતી. ત્યારબાદથી પાકિસ્તાન દ્વારા ૨૦૦થી વધુ વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી ચૂક્યો છે. સરંક્ષણ પ્રવક્તાએ કહ્યું છે કે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબાર બાદ ભારતીય જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. આશરે ૪૫ મિનિટ સુધી સામસામે ગોળીબારની રમઝટ જામી હતી. પાકિસ્તાની તરફથી ગોળીબાર સંપૂર્ણપણે બિન ઉશ્કેરણીજનક રીતે કરવામાં આવી રહ્યો છે. આતંકવાદીઓ ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી શકે તે હેતુથી આ ગોળીબાર કરવામાં આવે છે. અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આતંકવાદી પ્રવૃત્તિ ઉપર પણ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. છેલ્લા થોડાક સપ્તાહોમાં જમ્મુથી ઘૂસણખોરીના શ્રેણીબદ્ધ પ્રયાસો થયા છે. પાકિસ્તાની સેનાએ પણ અનેક વખત ગોળીબાર કર્યો છે.

## ભારત-પાકિસ્તાન વિઝા કરાર ઉપર હસ્તાક્ષર કરશે

વિદેશ મંત્રી એસ.એમ.કૃષ્ણા પાકિસ્તાનની યાત્રા દરમિયાન મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરશે. આ યાત્રા દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે એક નવી વિઝા સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવે તેવી શક્યતા છે. પાકિસ્તાનનાં ગૃહમંત્રી રહેમાન મલિકે આ મુજબની માહિતી આપી છે.

કૃષ્ણા ૭-૯ સપ્ટેમ્બર વચ્ચે પાકિસ્તાનનાં પ્રવાસે જશે. તેઓ પાકિસ્તાનનાં વિદેશ પ્રધાન હીના રબ્બાની ખાર સાથે વાતચીત કરશે. દ્વિપક્ષીય મંત્રણાની સાથે સાથે વિઝા સમજૂતિ ઉપર વાતચીત થશે. આ ઉપરાંત દ્વિપક્ષીય મંત્રણાના અંતિમ તબક્કા પર વાતચીત થશે. મલિકે કહ્યું છે કે, બંને દેશોનાં લોકોનો સંપર્ક વધે તે હેતુથી પ્રયાસ કરવામાં આવશે. તેમણે એમપણ કહ્યું હતું કે, કૃષ્ણા અને ખાર ભારત અને પાકિસ્તાનની જોઈન્ટ કમિશનની બેઠકનું નેતૃત્વ કરશે. આ અગાઉ ૨૦૦૭માં કમિશનની બેઠક યોજાઈ હતી.

## નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

પ્રાકૃતિક ચિકિત્સામાં જલ દ્વારા અનેક રીતે ચિકિત્સા કરવામાં આવે છે. વ્યક્તિને થયેલા રોગને આધારે ચિકિત્સાનો વિકલ્પ પસંદ કરવામાં આવે છે. પરંતુ સામાન્ય જલચિકિત્સા કે જે વ્યક્તિનાં સ્વાસ્થ્ય માટે સુખપ્રદ છે એ બહુ જ સરળ છે.

રોજ સવારે ઉઠીને બ્રશ કર્યા કે મોં ધોયા પહેલા દોઢ લીટર જેટલું પાણી ( ૩ - ૪ ગ્લાસ ) પી જવું અને ત્યારબાદ દૈનિક ક્રિયાઓ આચરવી. ( આમ તો આ પ્રયોગ આપણા શાસ્ત્રોમાં વર્ષોથી કહેવામાં આવ્યો છે કે ત્રાંબાના વાસણમાં રાત્રે ભરેલું પાણી સવારે બ્રાહ્મ મુર્હુતે ઉઠીને પીવું, પણ જાપાન, અમેરિકા એ પોતાની આગવી જલ ચિકિત્સા વિકસિત કરીને ખોટી ક્રેડિટ મેળવી જાય છે. ) સવારે નરણાં કોઠે આ રીતે પાણી પીવાથી પાચનતંત્ર મુખ્યત્વે સ્વસ્થ રહે છે અને જો પાચનતંત્ર પરફેક્ટ તો શરીર પરફેક્ટ.

જલ ચિકિત્સા દ્વારા અનેક રોગોના ઉપચારો પણ કરવામાં આવે છે. રોગ પ્રમાણે જલચિકિત્સાની પધ્ધતિઓ અલગ-અલગ હોય છે. પધ્ધતિઓમાં મુખ્યત્વે ભીની ચાદર ઓઢવી કે લપેટવી, સર્વ શરીર સ્નાન કે કોઇ અંગનું પ્રક્ષાલન, બાષ્પ સ્નાન, જલધારા પાત, ભીની પટ્ટીઓનું મૂકવું, જલપાન, અલગ અલગ ધાતુઓનાં પાત્રમાં અલગ અલગ રંગની બોટલમાં રાખેલું જલનું પાન તથા શરીર પર લગાવવું ( અહીં કલર થેરાપી તથા સૂર્ય ચિકિત્સા પણ જલ ચિકિત્સાની સાથે સમાવિષ્ટ થાય છે. ) તથા ગરમ તેમજ ઠંડા પાણીના પ્રયોગોનો મુખ્યત્વે સમાવેશ થાય છે.

દરેક ચિકિત્સાઓની જેમ જલચિકિત્સા પણ નિષ્ણાંત વ્યક્તિની સલાહ અનુસાર કરવી જરૂરી છે. ઘણી વખત મનફાવે એ રીતે ચિકિત્સા કરવાથી માઠા પરિણામો પણ આવતા હોય છે.

પ્રાકૃતિક ચિકિત્સક “ફાધર નાઇપ ( કનાઇપ )” જલ ચિકિત્સાના પ્રખર વિશેષજ્ઞોમાંના એક ગણાય છે. તેમનું પુસ્તક “માય વોટર ક્યોર” કે જેનો હિન્દી અનુવાદ પણ સુલભ છે, ( “જલ ચિક્ત્સા” નામે ) જીજ્ઞાસુઓ માટે ઉપયોગી પુસ્તક સાબિત થઇ શકે. તેઓએ રોગ, જલ ચિકિત્સા તથા ચિકિત્સા કઇ રીતે કરવી, ધ્યાન રાખવા જેવી બાબતો, રોગો અને તેની ચિકિત્સા આદિનું સુંદર વર્ણન આપ્યું છે. વાંચી શકાય...

## વિશાખાપટ્ટનમ ટ્વેન્ટી-૨૦ મેચને લઈને ચાહકોમાં ક્રેઝ

વિશાખાપટ્ટનમ, તા. ૫

વિશાખાપટ્ટનમમાં શનિવારે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાનારી પ્રથમ ટ્વેન્ટી-૨૦ મેચ માટે જોરદાર ક્રેઝ જોવા મળી રહ્યો છે. ટિકીટોનું વેચાણ ધૂમ થઈ રહ્યું છે. મંગળવારના દિવસે ટિકીટોનું વેચાણ શરૂ થયા બાદ પ્રથમ કલાકમાં જ ૧૦,૦૦૦થી વધુ ટિકીટો વેચાઈ ગઈ હતી. હજુ પણ ટિકીટો મેળવવા માટે પડાપડી થઈ રહી છે. એકંદરે ૨૭હજારની ક્ષમતા ધરાવતાં ડૉક્ટર વાય એસ રાજશેખર રેડ્ડી એડીએ-વીડીસીએ સ્ટેડિયમ ખાતે રમાનારી મેચને લઈને હજુ ભારે ઉત્સુકતા છે. ટિકીટો મેળવવા માટે લોકો લાંબી લાઈનમાં જોવા મળી રહ્યા છે. આજે સવારે પણ ટિકીટ મેળવવા માટે કાઉન્ટરો ઉપર લાંબી લાઈનો જોવા મળી હતી. પોલીસ તંત્રએ પણ કોઈ અનિચ્છનીય બનાવને ટાળવા માટે તમામ પગલાં લીધા છે. આંધ્રપ્રદેશ ક્રિકેટ એસોસીએશનના ડિરેક્ટર (ઓપરેશન) એસ કે પ્રસાદે માહિતી આપતા કહ્યું છે કે ટિકીટોનું વેચાણ આજે સવારે આઠ વાગે શરૂ થયું હતું પરંતુ ક્રિકેટના પ્રેમીઓ વહેલી સવારે



ચાર વાગ્યાથી લાઈન લગાવીને ઊભા થઈ ગયા હતા. મળેલી માહિતી મુજબ યુવરાજસિંહ કેન્સર સામે જંગ જીત્યા બાદ આ મેચમાં વાપસી કરી શકે છે જેથી વધારે ઉત્સુકતા દેખાઈ રહી છે. પ્રથમ કલાકમાં જ ૧૦,૦૦૦થી વધુ ટિકીટોનું વેચાણ થઈ ગયું હતું. જુદા જુદા દરની ટિકીટો ધૂમ વેચાઈ રહી છે. ગઈકાલથી ખરાબ હવામાન અને વરસાદી ઝાપટા પડ્યા હોવા છતાં ભારે અફડાતફડી મચેલી છે. હવામાનની પરવા કર્યા વગર ટિકીટ મેળવવા માટે ક્રિકેટ ચાહકો ઉત્સુક બનેલા છે. આંધ્રપ્રદેશ ક્રિકેટ એસોસીએશન આશાવાદી છે કે બંગાળના અખાતમાં સર્જાયેલા દબાણ છતાં મેચ સંપૂર્ણપણે રમાઈ શકશે. એવા સંકેત છે કે શનિવારે હવામાન યોગ્ય રહેશે. એસીએ દ્વારા તમામ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. વરસાદની સ્થિતિમાં પણ મેદાનને બે કલાકમાં વ્યવસ્થિત કરી દેવા તમામ સાધનો રાખવામાં આવ્યા છે. ત્રણ સુપર સોપર્સ રાખવામાં આવ્યા છે જ્યારે ગ્રાઉન્ડ કવર પણ આધુનિક પ્રકારના મેળવી લેવામાં આવ્યા છે જે સમગ્ર મેદાન ઉપર ગોઠવી શકાય છે. ક્રિકેટ એસોસીએશને આશા વ્યક્ત કરી છે કે આ મેચ ખૂબ જ રોમાંચક રહેશે. ટિકીટો વેચવા માટે શહેરમાં એસીએ દ્વારા ૧૧ ઈ સેવા કેન્દ્રો પણ સ્થાપિત કર્યા છે. ટેસ્ટ શ્રેણી ભારતે ૨-૦થી જીતી લીધી બાદ પ્રવાસી ન્યૂઝીલેન્ડની ટીમ વન-ડે ક્રિકેટમાં સારો દેખાવ કરવા ઈચ્છુક છે.

## મનમોહન ભ્રષ્ટ સરકારના લીડર છે : વોશિંગ્ટન પોસ્ટ

વોશિંગ્ટન, તા. ૫

અમેરિકાના ટોચના અખબાર વોશિંગ્ટન પોસ્ટે વડાપ્રધાન મનમોહનસિંહને ટાર્ગેટ બનાવીને તેમની ટીકા કરી છે. અખબારે લખ્યું છે કે મનમોહનસિંહની પ્રતિષ્ઠામાં હાલમાં ઘટાડો થયો છે. મનમોહનસિંહ હવે બિનઅસરકારક બની ગયા છે. સમયની સાથે સાથે તેમની ક્રેડીટમાં પણ ઘટાડો થયો છે. મનમોહનસિંહને વોશિંગ્ટન પોસ્ટે એક ભ્રષ્ટાચારી સરકારના લીડર તરીકે ગણાવ્યા છે. આ અગાઉ અમેરિકી મેગેઝિન ટાઈમ અને બ્રિટનના અખબાર ધ ઈંડિપેન્ડેટમાં પણ વડાપ્રધાન મનમોહનસિંહ સામે પ્રશ્નો કરવામાં આવ્યા હતા. બ્રિટનના અખબારે મજાક કરતા જણાવ્યું હતું કે મનમોહનસિંહ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના ઈશારે કામ કરે છે. મનમોહનસિંહને સોનિયા ગાંધીના કઠપૂતળી તરીકે ગણાવ્યા હતા. આ અખબારે એમ પણ કહ્યું હતું કે મનમોહનસિંહની પાસે કોઈપણ રાજકીય તાકા નથી. વડાપ્રધાનના હોદ્દા પર મનમોહનસિંહ માત્ર સોનિયા ગાંધીના કારણે જ બેઠા છે. ત્રણ વર્ષ અગાઉ વડાપ્રધાન મનમોહનસિંહની પ્રશંસા કરનાર અમેરિકાના ટાઈમ મેગેઝિને પણ પોતાનું વલણ બદલી કાઢ્યું છે. ટાઈમ મેગેઝિને હવે વડાપ્રધાનની કામકાજની પદ્ધતિ સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. મેગેઝિને પોતાના જુલાઈના ઈશ્યુમાં ફ્રન્ટ ઉપર જગ્યા આપી હતી પરંતુ ટાઈમ મેગેઝિને મનમોહનસિંહને અંડર એચીવર તરીકે ગણાવ્યા હતા.